સાતમા પગારપંચની ભલામણ અન્વયે થયેલ પગાર સુધારણા સંદર્ભે ઉચ્ચતર પગાર ધોરણ યોજનામાં આનુષાંગિક ફેરફાર કરવા બાબત.

ગુજરાત સરકાર
શિક્ષણ વિભાગ
પરિપત્ર ક્રમાંક : બમ્શ/૧૧૧૬/૭૮૮/ગ.
સચિવાલય,ગાંધીનગર,
તારીખ : 3 JUN 2019

વંચાણે લીધા :

**(૧)** શિક્ષણ વિભાગનો તારીખ ૧૬/૮/૨૦૧૭ના ઠરાવ ક્રમાંક : બમશ/૧૧૧૬/૭૮૮/ગ.

**(૨)** નાણા વિભાગનો તારીખ ૧/૧/૨૦૧૯નો ઠરાવ ક્રમાંક : પગર-૧૦૨૦૧૬-યુઓ-૧૨૧-(૨૨)-પ.એ.

**પ્રસ્તાવના : -**

આ વિભાગના સંદર્ભ (૧) હેઠળના તારીખ ૧૬/૮/૨૦૧૭ના ઠરાવથી રાજ્યની બિનસરકારી અનુદાનિત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શાળાઓના કર્મચારીઓને સાતમા કેન્દ્રીય પગારપંચની ભલામણો પ્રમાણે સુધારેલ પગાર ધોરણનો લાભ આપવામાં આવેલ છે.

નાણા વિભાગ દ્વારા સંદર્ભ (૨) હેઠળના તારીખ ૧/૧/૨૦૧૯ ઠરાવથી સાતમા કેન્દ્રીય પગાર પંચની ભલામણ અન્વયે થયેલ પગાર સુધારણા સંદર્ભે ઉચ્ચતર પગાર ધોરણ યોજનામાં આનુષાંગિક ફેરફાર કરવામાં આવેલ છે. આ ઠરાવનો અમલ રાજ્ય સરકારની બિનઅનુદાનિત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શાળાઓના કર્મચારીઓના કિસ્સામાં લાગુ પાડવાની બાબત સરકારશ્રીની વિચારણા હેઠળ હતી.

**પરિપત્ર : -**

પુખ્ત વિચારણાના અંતે, નાણા વિભાગના સંદર્ભ (૨) હેઠળના તારીખ ૧/૧/૨૦૧૯ના ઠરાવમાં શિક્ષકોને લાગુ પડે છે તેમ ઉલ્લેખ છે ત્યારે તે અનુદાનિત શાળાઓના કર્મચારીઓને પણ સમાન રીતે લાગુ પડતો હોઇ, ઉક્ત ઠરાવનો ગુજરાત રાજ્યની અનુદાનિત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શાળાઓના કર્મચારીઓનાં કિસ્સામાં અમલ કરવાની આથી મંજૂરી આપવામાં આવે છે.

આ પરિપત્ર સરખા ક્રમાંકની ફાઇલ ઉપર નાણા વિભાગની તારીખ ૨૮/3/૨૦૧૯ની નોંધથી મળેલ મંજૂરી અન્વયે બહાર પાડવામાં આવે છે.

ગુજરાતના રાજ્યપાલશ્રીના નામે અને તેમના હુકમથી,

( જયેશ મિસણ )
અધિક સચિવ
શિક્ષણ વિભાગ

**પ્રતિ :-**

- માન. મંત્રીશ્રી(શિક્ષણ)ના અંગત સચિવશ્રી, સ્વર્ણિમ સંકુલ-૧, સચિવાલય, ગાંધીનગર.
- માન. રા.ક. મંત્રીશ્રી(શિક્ષણ)ના અંગત સચિવશ્રી, સ્વર્ણિમ સંકુલ-૨, સચિવાલય, ગાંધીનગર.

- અ.મુ.સ.શ્રી(નાણા વિભાગ)ના રહસ્ય સચિવશ્રી, નાણા વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
- સચિવશ્રી (પ્રાથમિક અને માધ્યમિક શિક્ષણ)ના રહસ્ય સચિવશ્રી, શિક્ષણ વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
- કમિશનરશ્રી (શાળાઓ), કમિશનરશ્રી, શાળાઓની કચેરી, બ્લોક નં. ૯, ૧લો માળ, ડૉ. જીવરાજ મહેતા ભવન, ગાંધીનગર તરફ આ અંગે જરૂરી કાર્યવાહી સારૂ.
- એકાઉન્ટન્ટ જનરલશ્રી, અમદાવાદ/રાજકોટ.
- સર્વે જિલ્લા શિક્ષણ અધિકારીશ્રીઓ, ( કમિશનરશ્રી, શાળાઓ મારફતે) .
- સર્વે જિલ્લા તિજોરી અધિકારીશ્રી, ( કમિશનરશ્રી, શાળાઓ મારફતે).
- કોમ્પ્યુટર સેલ, શિક્ષણ વિભાગ, સચિવાલય, ગાંધીનગર તરફ આ બાબત વિભાગની વેબસાઇટ પર અપલોડ કરવા સારૂ.
- શાખા પસંદગી ફાઇલ – ૨૦૧૯.
- ના.સે.અ. પસંદગી ફાઇલ.

ક્રમાંક: દિ-૩/ઉપધો/૨૦૧૯-૨૦/ ૬૧૩૮
જિલ્લા શિક્ષણાધિકારીની કચેરી
બનાસકાંઠા, પાલનપુર
તા. ૦૪/૦૬/૨૦૧૯

- નકલ રવાના જાણ તથા જરૂરી કાર્યવાહી સારૂ
પ્રતિ,
આચાર્યશ્રી,
બિનસરકારી અનુદાનિત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શાળાઓ, તમામ, બનાસકાંઠા જિલ્લો.

જિલ્લા શિક્ષણાધિકારી,
બનાસકાંઠા જિલ્લા પાલનપુર